કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ કચેરી
જિલ્લા સેવા સદન, સાબરકાંઠા જિલ્લો, હિંમતનગર
ફોન નં. : ૦૨૭૭૨– ૨૪૦૯૫૭ ફેકસ નં. : ૦૨૭૭૨– ૨૪૧૬૧૧

## ફોજદારી કાર્યરીતી અધિનિયમન સને ૧૯૭૩ ની કલમ–૧૪૪ અન્વયે જાહેરનામું

નં:ડીસી/પીઓએલ/હિંમતનગર/નિયંત્રણ/જાહેરનામું/વશી/૦૪/૨૦૨૨ તા: ૧૦/૦૪/૨૦૨૨

**વંચાણે લીધો:–**
પોલીસ અધિક્ષકશ્રી, સાબરકાંઠા–હિંમતનગરના તા.૧૦/૦૪/૨૦૨૨નો પત્ર.

**આદેશ :–**

આજ તા.૧૦/૦૪/૨૦૨૨(રવિવાર)ના રોજ રામનવમી નિમીત્તે હિંમતનગર શહેરમાં નિકળેલ શોભા યાત્રા દરમિયાન હિંમતનગર શહેરના છાપરીયા વિસ્તારમાં નિર્માણ થયેલ અશાંત પરિસ્થિતિને ધ્યાનમાં લઈ સુલેહ શાંતિનો ભંગ ન થાય તથા જાન માલને તેમજ ખાનગી અને સરકારી મિલ્કતને નુકશાન ન થાય અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે સારૂ હિંમતનગર શહેરના નીચે જણાવેલ વિસ્તારોમાં અમુક નિયંત્રણ મુકવા જરૂરી જણાય છે.

વાસ્તે હું, **હિતેષ કોયા(I.A.S.)**, કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ, સાબરકાંઠા ફોજદારી કાર્યરીતી અધિનિયમ–૧૯૭૩ની કલમ–૧૪૪ હેઠળ મળેલી સત્તાની રૂએ નીચેના પ્રતિબંધિત વિસ્તારોમાં પાંચ કે તેથી વધુ વ્યકિતઓ ભેગા થઈ ગેરકાયદેસર મંડળી રચવા પર પ્રતિબંધ ફરમાવું છું.

**જાહેરનામાનો પ્રતિબંધિત વિસ્તાર**

(૧) રાધે સ્વીટ માર્ટથી છાપરીયાનો તમામ વિસ્તાર.
(૨) ભગવતી પેટ્રોલપંપથી લક્ષ્મીનારાયણ મંદિર તથા ટાવર સુધીનો તમામ વિસ્તાર.
(૩) મહાકાળી મંદિરથી પૂર્ણિમા ડેરી છાપરીયા સુધીનો તમામ વિસ્તાર.
(૪) ચાંદનગર, ન્યાયમંદિર થી મહેતાપુરા સુધીનો તમામ વિસ્તાર.
(૫) હાજીપુરા, અલ્કાપુરી, બગીચા વિસ્તાર સુધીનો સમગ્ર વિસ્તાર.
(૬) જુની જિલ્લા પંચાયતથી નવી દુર્ગા બજાર સુધીનો તમામ વિસ્તાર.

DISTRICT MAGISTRATE
ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટ
SABARKANTHA DISTRICT HIMATNAGAR
સાબરકાંઠા ડીસ્ટ્રીકટ હિંમતનગર

**જાહેરનામાનો પ્રતિબંધિત સમયગાળો**

**આ હુકમ તા.૧૦/૦૪/૨૦૨૨ ના કલાક ૨૪.૦૦ થી તા.૧૩/૦૪/૨૦૨૨ના કલાક ૨૪.૦૦ સુધી અમલમાં રહેશે.**

**" જાહેરનામાનો ભંગ કરતાં દંડની જોગવાઈ "**

➢ આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતા–૧૮૬૦ ની કલમ–૧૮૮ હેઠળ સજા/ દંડને પાત્ર થશે.

આ હુકમ અન્વયે પોલીસ સબ ઈન્સ્પેકટર કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે આઈ.પી.સી.કલમ–૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમની

કલમ–૧૩૫ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેર હુકમની વ્યકિતગત રીતે બજવણી શકય ન હોઈ એક તરફી ફરમાવવામાં આવે છે અને સંબંધિત તંત્ર ધ્વારા જાહેર પ્રસિધ્ધિ કરવાની રહેશે.

આજ તા. ૧૦ એપ્રિલ–૨૦૨૨ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી આપ્યો.

DISTRICT MAGISTRATE ડીસ્ટ્રીક્ટ મેજીસ્ટ્રેટ SABARKANTHA DISTRICT HIMATNAGAR સાબરકાંઠા ડીસ્ટ્રીક્ટ હિંમતનગર

((હિતેષ કોયા))
કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ
સાબરકાંઠા, હિંમતનગર

પ્રતિ,

<u>નકલ જયભારત સહ રવાનાઃ–</u> (પ્રસિધ્ધી તથા અમલવારી સારૂ.)

(૧) પોલીસ અધિક્ષકશ્રી, સાબરકાંઠા, હિંમતનગર તરફ
(૨) સબ ડીવીઝનલ મેજી.શ્રી હિંમતનગર તરફ.
(૩) નાયબ પોલીસ અધિક્ષકશ્રી હિંમતનગર વિભાગ, હિંમતનગર તરફ.
(૪) મામલતદારશ્રી, હિંમતનગર
(૫) ચીફ ઓફિસર, નગરપાલિકા, હિંમતનગર
(૬) પોલીસ ઈન્સ્પેકટરશ્રી/પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી તમામ, હિંમતનગર
(૭) નાયબ માહિતી નિયામકશ્રી,માહિતી કચેરી,હિંમતનગર સ્થાનીક દૈનિક પત્રોમાં વિના મુલ્યે પ્રસિધ્ધ કરાવવા અને તેની અત્રે જાણ કરવા સારૂ.
(૮) વ્યવસ્થાપકશ્રી સરકારી છાપકામ લેખન સામગ્રી વિભાગ વડોદરા, જાહેરનામુ ગુજરાત રાજયના અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધ કરી નકલ મોકલવા સારૂ.

<u>નકલ સવિનય રવાનાઃ–</u>

અધિક સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર તરફ જાણ સારૂ.